સ.શિ.પ. / ફેબ્રુ. ૨૦૦૪ / ૬૦૦

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧

[સવારે ૯ થી ૧૨] (રવિવાર, ૨૯ ફેબ્રુઆરી, ૨૦૦૪) [કુલ ગુણ : ૧૦૦]

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)**

**પ્ર.૧ નીચેના કોઈપણ બે વિષયો વિષે શાસ્ત્રનાં ત્રણ પ્રમાણ આપો.** (૬)

૧. સર્વથી પર અક્ષરધામ.
૨. ગુણાતીત સંતનો મહિમા મહારાજના શ્રીમુખે.
૩. પ્રગટને ઓળખ્યા વગર કસર.
૪. બ્રહ્મરૂપ થવા માટે અક્ષરબ્રહ્મની આવશ્યકતા.

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** (૫)

૧. ‘મારું ધાર્યું અસત્ય સત્ય થાય છે, સમરથ મારું નામ સહિ.’
૨. ‘ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા-બ્રહ્મ દેખાય જ નહિ.’
૩. ‘સહજાનંદ સ્વામી રે, પોતે પરબ્રહ્મ છે રે, સ્વામિનારાયણ જેનું નામ રે.’
૪. ‘પ્રગટનાં ભજનથી પરમસુખ પામીએ, ઉર થકી નાશ પામે અંધારું.’
૫. ‘साधवो हृदयं मह्यं साधूनां हृदयं त्वहम् ।’

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૪)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ઉત્પત્તિ સર્ગનો સાચો ક્રમ કયો છે ?
(અ) અક્ષરબ્રહ્મ⇒મૂળપુરુષ(મુક્ત)+મહામાયા⇒પ્રધાનપુરુષ⇒મહત્તત્ત્વ
(બ) મહત્તત્ત્વ⇒બ્રહ્મા⇒વિરાટપુરુષ⇒કશ્યપ પ્રજાપતિ
(ક) વિરાટપુરુષ⇒બ્રહ્મા⇒મરીચ્યાદિક પ્રજાપતિ⇒કશ્યપ પ્રજાપતિ
(ડ) પરબ્રહ્મ⇒મૂળપુરુષ(મુક્ત)+મહામાયા⇒મહત્તત્ત્વ⇒પ્રધાનપુરુષ

૨. ‘સ્વામી અક્ષર છે’ એ કયા પરમહંસોએ જાણ્યું અને પ્રવર્તાવ્યું ?
(અ) ગોપાળાનંદ સ્વામી (બ) નૃસિંહાનંદ સ્વામી
(ક) વ્યાપકાનંદ સ્વામી (ડ) વિજ્ઞાનાનંદ સ્વામી

**પ્ર.૪ નીચેનો કોઈપણ એક પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો.** (૪)

૧. મહારાજે કહ્યું : ‘અમારે શરીરે બહુ ભાર લાગ્યો છે એટલે પરસેવો થાય છે.’
૨. ‘હરિલીલાકલ્પતરુ’ ગ્રંથની રચના.
૩. ભોયકાના માલજી સોનીને અક્ષરધામની ઓળખાણ.

**પ્ર.૫ કોઈપણ બે વિષે વિવરણ લખો.** (૮)

૧. દિવ્યભાવ : મનુષ્યરૂપ ભગવાન દિવ્ય છે.
૨. શ્રીજીમહારાજનું સર્વોપરિપણું : ‘સ્વામીની વાતું’ને આધારે
૩. પ્રગટને ઓળખવા એ જ જ્ઞાન.
૪. બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** (૮)

૧. શ્રીજીમહારાજે રાવણાદિક અસુરોનો સંહાર નો’તો કર્યો છતાં પરમહંસો તેમને ભગવાન માનતા.
૨. બાપુ રતનજી બોલ્યા : ‘સ્વામીના ઓશિયાળા થજો, પણ તેમને ઓશિયાળા કરશો નહિ.’
૩. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : ‘મને કોઈ ભગવાન કહેશે તો ગધેડો લેખાશે.’
૪. ભગવાનને નિરાકાર ન સમજવા જોઈએ.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યોની પૂર્તિ કરો.** (૮)

**(ઉપાસનામાં શું સમજવું ?)**

૧. પુરુષોત્તમ નારાયણની ... ... ... ... ... અદ્વિતીય છે.
૨. મુક્તિ અવસ્થામાં ... ... ... ... ... રહે જ છે.
૩. શ્રીજીમહારાજ સદાય પોતાના ... ... ... ... ... કરી મૂકે છે.

૪. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ … … … … … અધિકારી થાય છે.

૫. જીવ … … … … … અનાદિ છે.

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**

૬. ભગવાન પૃથ્વી … … … … … હોતા નથી, તેમ ન સમજવું.

૭. પુરુષોત્તમ … … … … … તેમ ન સમજવું.

૮. આજ્ઞા પાળ્યા … … … … … શકે છે, તેમ ન સમજવું.

**પ્ર.૮ વડતાલ સંપ્રદાયથી જુદા પડેલા શાસ્ત્રીજી મહારાજને વિમુખ કહી શકાય ? શા માટે ?** (૫)

**(વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ)**

**પ્ર.૯ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬)

૧. ''અમારે તો ઘેર માણકિયું પૂંછડાં ઝાટકે છે તે અમે શીદ એના ગોલા થઈએ ?''

૨. ''આપ આવી રીતે વર્તો છો તો અમારા શા હાલ થશે ?''

૩. ''તમે બધા નૉનસેન્સ છો.''

**પ્ર.૧૦ નીચેનામાંથી કોઈપણ બે કારણ આપો.** (૬)

૧. નિષ્કુળાનંદ સ્વામીએ ધોલેરામાં અંત સમયે પોતાના માટે પ્રાર્થના કરવાની ના પાડી. **અથવા**

૧. ગોપાળાનંદ સ્વામીએ ધોતિયું ખૂબ તાણીને પહેર્યું.

૨. ગુણાતીતાનંદ સ્વામીએ શિવલાલ શેઠને કહ્યું, 'તારા જીવ સામું જોઉં છું તો અરધો સત્સંગ રહ્યો છે.' **અથવા**

૨. સ્વામીશ્રી ખાડાવાળા રસ્તેથી ચાલીને હૉસ્પિટલ ગયા.

**પ્ર.૧૧ નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮)

૧. મુક્તાનંદ સ્વામીની સાહિત્યકળા **અથવા** ૧. કુશળકુંવરબાને મહારાજના સંતો-ભક્તોનો મહિમા

૨. સ્વામીશ્રીની ઈષ્ટભક્તિ (કોઈપણ બે પ્રસંગો) **અથવા** ૨. સ્વામીશ્રીની માન-અપમાનમાં સ્થિરતા

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (૬)

૧. પર્વતભાઈ ઢોલિયાથી દૂર જઈ શા માટે બેઠા ?

૨. શિવલાલ શેઠને શ્રીજીમહારાજે સ્વપ્નમાં શું આજ્ઞા કરી ?

૩. ઉમરેઠમાં દર્શન દઈ શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને શું કહ્યું ?

૪. નિષ્કુળાનંદ સ્વામીએ વાતો કરી કયા દીકરાને સાધુ કર્યો ને તેમનું શું નામ પાડ્યું ?

૫. પધરામણીની ભેટ વધારે આવતાં રઘુવીરજી મહારાજે તેનો શું ઉપયોગ કર્યો ?

૬. ભવાનપુરાથી બોચાસણ જતાં સ્વામીશ્રી કયા ગામમાં અને કોને ત્યાં ગયા ?

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૬)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સાચા ગુરુની શોધમાં મુક્તાનંદ સ્વામી કોને કોને મળ્યા ?

(અ) દ્વારકાદાસ (બ) કલ્યાણદાસ

(ક) તુલસીદાસ (ડ) સહજાનંદ સ્વામી

૨. ગોપાળાનંદ સ્વામીના મંડળના સાઠ સાધુમાં રુચિના જાણનારા કોણ હતા ?

(અ) બાલમુકુંદાનંદ સ્વામી (બ) સર્વેશ્વરાનંદ સ્વામી

(ક) સર્વનિવાસાનંદ સ્વામી (ડ) વિજયાત્માનંદ સ્વામી

૩. નિષ્કુળાનંદ સ્વામીએ રચેલા ગ્રંથો

(અ) સતીગીતા (બ) સ્નેહગીતા

(ક) ભક્તચિંતામણિ (ડ) શ્રીહરિચરિત્રચિંતામણિ

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૪ નીચેના કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** (૨૦)

૧. ગુણાતીત સંતનો મહિમા - સત્શાસ્ત્રોને આધારે

૨. અત્યંત વૈરાગી છતાં પ્રભુમાં અનુરાગી પ્રમુખસ્વામી મહારાજ

૩. અધ્યાત્મ અને વ્યવહારનો સુભગ સમન્વય

❋ ❋ ❋